

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

પૂંછ પટાવી પહોંચે 'પંચ'માં, હરફ બોલે ક્યાંથી,
સરકાર સામે એક સાચો, હરફ બોલે ક્યાંથી?
સિવાયેલા છે હોઠ ઉપકારથી ઝીણી સોયથી -
ગુંડા ઉમેદવારો વિરુદ્ધ હરફ બોલે ક્યાંથી ?
(સુપ્રીમનો ચૂંટણીપંચનો ઉધડો...)

### હાઈકુ

કરો સર્જન -
મન ચંગા તો હૃદયે -
અમરનાથ...
(જોખમી યાત્રાઓ...)
તક મળે નીકળી ન જાય!)

રહો ઘેનમાં -
અફીણી મહાકુંભે -
ખેલ-સંગીત...
અમે જાગતા રહેશું!!)

### ચિંતન

*ન વા અરે પુત્રસ્ય કામાય પુત્રઃ પ્રિયો ભવતિ; આત્મનસ્તુ કામાય પુત્રઃ પ્રિયો ભવતિ ।*
*ન વા અરે સર્વસ્ય કામાય સર્વ પ્રિય ભવતિ, આત્મનસ્તું કામાય સર્વ પ્રિયં ભવતિ ॥*

ઉપરોક્ત શ્લોક બૃહદ ઉપનિષદમાંથી લેવામાં આવેલ ઓછે.

પુત્ર, પુત્ર તરીકે પ્રિય નથી, આત્માની કામનાને લીધે પ્રિય છે. બધું જ બધાની કામનાથી પ્રિય નથી, આત્માની કામનાથી જ પ્રિય છે.

માણસ નિકટના સંબંધ હોય - પુત્ર, પત્ની, પુત્રવધુ આ બધાં સ્નેહ-સંબંધને કારણે નહીં પોતપોતાના સ્વાર્થને કારણે જ એકબીજાને સાચવે - માનપાન આપે છે.

પુત્ર બેકાર - નાલાયક હોય તો કુટુંબમાં અપ્રિય રહે, પુત્રવધુ ધાધાક અને સામે બોલનારી હોય તો અપ્રિય રહે છે. મા-બાપ વૃદ્ધ-રોગીષ્ટ અને ધનહીન હોય તો પરિવાર ને ભારરુપ લાગે છે. સંબંધને કારણે નહીં બધાં સ્વાર્થને કારણે પ્રિય લાગે છે.

### સુવિચાર

- 'સ્વ'ભાવથી વ્યક્તિ સ્વયં તરી શકે, પરંતુ 'સમ'ભાવથી અન્યોને તારી શકે - **અખંડ આનંદ**
- બતાવવા માટે જે કરવામાં આવે છે, તે છે દંભ અને
  વિકાસ માટે જે કરવામાં આવે છે, તે છે સાધના - **એસ. ભટ્ટાચાર્ય**
- નિષ્કામ કર્મ ઈશ્વરને મનુષ્યનો ઋણી બનાવે છે - **રામતીર્થ**
- મીઠાશ વગરની મોટપ વ્યથાકારક છે, જુઓને !! દરિયાના નસીબમાં પનિહારી ક્યાં છે? - **સુરેશ દલાલ**
- મંઝીલને પ્રેમ કર્યા વિના મંઝીલ મળતી નથી, માત્ર ગતિથી સફર થતી નથી - **હિરેન ભટ્ટ**
- સત્ય ક્રૂર હોય છે, છતાં પણ એને પ્રેમ કરી શકાય છે અને
  જે કોઈ એને પ્રેમ કરે છે તેને મુક્તિ મળે છે - **સંત જ્યોર્જ**
- આજનું ઔષધ : મૂળાના રસમાં તજ, દહીં મેળવીને ચહેરા પર લગાડવાથી ત્વચા સુંવાળી અને ચમકીલી બને છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

આપણે હોઈશું કે નહીં પણ આપણને મળેલો 'ખરો મનુષ્ય' તરીકેનો ખિતાબ અમર રહેશે. મોતને મારવાનો એક પ્રબળ ઉપાય આપણા હાથમાં જ છે. 'સાચા મનુષ્ય' બનીને આ દુનિયાને અલવિદા કહેવાનો.

લોકસેવાના અને નીતિના કામ કરનાર એક યુવકના સન્માનાર્થે સમારંભ યોજાયો હતો. સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે તે નગરના રાજા પધાર્યા હતા. લોકો અંદરોઅંદર એવી ચર્ચા કરવા લાગ્યા હતા. 'આ યુવકને મોંઘો સુવર્ણચંદ્રક એનાયત થશે, અથવા ઊંચા પગારની રાજા નોકરી આપશે. અથવા ગરાસ પણ અપાઈ શકે છે.'

રાજાએ ઊભા થઈને એક તામ્રપત્રમાં કંઈક લખેલ ખિતાબ અર્પણ કર્યો. લોકો ઉદાસ થઈ ગયા... અરેરે...!! આવા સેવાભાવી માણસને નગણ્ય ઈનામ, રાજા તો કૃપણ છે. આ સન્માનનો પ્રત્યુત્તર આપવા ઊભા થયેલા યુવકે પ્રસન્નતાપૂર્વક કહ્યું, 'ગ્રામજનો, આપણા માનવંતા મહારાજે મને વિશ્વાના સૌથી મોંઘા ચંદ્રકો કરતાં પણ ચઢિયાતો ખિતાબ - શિરોમણી મને એનાયત કર્યો છે મને અર્પણ કરવામાં આવેલ આ ખિતાબમાં લખ્યું છે 'ખરો મનુષ્ય' મુરબ્બીઓ આ ખિતાબને હું દિલથી વધાવી લઉં છું, કારણ કે 'મનુષ્ય' તરીકેનો ખિતાબ એ સર્વ ખિતાબો કરતાં શ્રેષ્ઠ ખિતાબ છે.'

લોકોને પોતાનું અજ્ઞાન સમજાયું અને યુવકને તાળીઓથી વધાવી લીધો.

# વર્ષાઋતુ – ઉલ્લાસનું પ્રાગટ્ય પર્વ

ધારણા કરતાં ઘણુંસારું ચોમાસુંઆવ્યુંછે. ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છ બધે ખેતીલાયક જ નહીં પરંતુ કેટલેક સ્થળે તો વાવેલા બીજ માથે પડે એવી અતિવૃષ્ટિ થઈ છે. ચોટીલા, ટંકારા અને જામનગર જેવા વિસ્તારોમાં જળબંબાકાર છે. ઘણા વિસ્તારો બેટ બની ગયા છે. તંત્ર માટે અનાવૃષ્ટિ કે દુષ્કાળની જેમ અતિવૃષ્ટિ પણ એક પડકાર જ બની રહેતી હોય છે. પરંતુ જૂની પેઢીના ખેડૂત વડીલો અતિવૃષ્ટિને પણ આશીર્વાદ માને છે. ભલે ચોમાસુ પાક નિષ્ફળ જાય પણ શિયાળુ રવિ ફસલ એનું વ્યાજ સાથે વળતર વાળી દેશે. જમીનમાં પાણી ઊંડા ઊતરતાં વગર સિંચાઈએ મબલક મોલ ઊતરશે. વરસાદ સાથે એક મસમોટું આશ્વાસ પણ વરસતું હોય છે. વરસ સારું જશે, સૌને સૌના જોગ રોજીરોટી મળી રહેશે. પંદર દિવસ જેટલો પણ વરસાદ ખેંચાઈ જાય તો બધાના જીવન તાળવે ચોંટી જતા હોય છે. સરકાર પણ ચિંતામાં પડી જતી હોય છે. જો કે વિવિધ દુષ્કાળ રાહતની યોજનાઓ શરુ થતાં જ ભ્રષ્ટ કર્મચારીઓને ઘી-કેળા થઈ જતાં હોય છે. ગુજરાતે દુષ્કાળનાં વર્ષો જાયાં છે, અછતનો આ સામનો કર્યો છે અને કવચિત્ અતિવૃષ્ટિનો લીલો દુકાળ પણ અનુભવ્યો છે, ચૂંટણીનું વર્ષ છે ત્યારે આવો વરસાદ શુકનિયાળ જ ગણાય. જેમ છલકાવા લાગ્યા છે અને જયાં ન ભરાવું જોઈએ ત્યાં પણ પાણી ભરાઈ રહ્યું છે. પાણીના નિકાલની સરખી વ્યવસ્થા નહીં હોવાથી મુંબઈ જેવી મહાનગરીમાં પણ પ્રજા બેહાલ બની જતી હોય છે. સૂર્યપ્રકાશના અભાવે જાતજાતની જિવાત પેદા થાય છે. રોગચાળો ફાટી નીકલે છે તે વધારામાં. ચોમાસું રોગોની ઋતુ છે. એક તરફ આવાં જીવજંતુ અને મચ્છર કરડવાથી મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવી જીવલેણ બીમારીઓનો રાફડો ફાટે છે, બીજી તરફ પાણીજન્ય રોગો ભરડો લે છે, ટાઈફોઈડ, કોલેરા અને ઝાડાઊલટીના - ડિહાઈડ્રેશનના કેસોથી દવાખાનાં ઊભરાય છે. આમ જુઓ તો ચોમાસું કહેતાં ચાર્તુમાસ એટલે પર્વોની વણજાર. આષાઢી બીજથી શરુ કરી છેક દિવાળી સુધી ચારે માસ તહેવાર જ તહેવાર. એમાં વચ્ચે શ્રાવણ મહિનાનો શિવમહિમા પણ આવે, કૃષ્ણ જન્માષ્ટમી - કાનુડાની બર્થડેટ પણ આવે. જગદંબાનો ભાદરવી પૂનમનો મેળો આવે, સંવત્સરી અને પર્યુષણ આવે તો વળી ગણેશચતુર્થી, નવરાત્રી અને વિજયાદશમી પણ આવે. પંદરમી ઓગસ્ટ એ આપણું સ્વાતંત્ર્ય પર્વ અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મજયંતિ ૨ ઑક્ટોબર પણ ચોમાસામાં જ. આ બધાથી નવરા જ ન પડાય, પરંતુ જયારે બારે મેઘ ખાંગા થઈ વરસતા હોય, રસ્તાઓ જળબંબાકાર થઈ ગયા હોય અને વીજળી ચમકારા લેતી હોય ત્યારે તો વગર કર્ફ્યુએ કર્ફ્યૂ જેવી જ સ્થિતિ સરજાઈ જાય. ચોમાસમાં પાટનગર ગાંધીનગરની પણ પરીક્ષા થઈ જતી હોય છે. આવા સુઆયોજિત નગરમાં પણ કેટલાક સ્થળોએ પાણી ભરાતા વાહનવ્યવહાર થંભી જતો હોય ત્યાં જૂની ઢબનાં મહાનગરો અને ગામડાની તો શી હાલત થતી હશે! નવા નક્કોર રોડ ધોવાઈ જાય ત્યારે હલકો માલ વાપરી કોન્ટ્રાક્ટરોએ કરેલી કટકી અને અધિકારીઓ સાથેની સાંઠગાંઠનો પર્દાફાશ થઈ જતો હોય છે. આટલા ધોધમાર વરસાદ પછી પણ કરોડો રૂપિયાના ખર્ચે બંધાયેલા સંત સરોવર ન ભરાય એની પાછળનું કારણ પણ શોધી કાઢવું જોઈએ. વરસાદ ફક્ત મન-હૃદયને ભીંજવીને અટકતો નથી, એ જયારે મૂડમાં આવી જાય ત્યારે ભલભલાને પહેર્યા લૂગડે ઊઘાડા પાડી દે છે. સૌંદર્ય અને કરુપતા - બેઉને એ સમદષ્ટિથી જુએ છે. આ ચોમાસું આપણને નવા રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ભેટ આપશે અને ચોમાસું હૂલવાનું હશે ત્યાં આપણા આંગણે વિધાનસભાની ચૂંટણીઓ આવીને ઊભી રહેશે. વરસાદી ઋતુમાં કંઈ કેટલાય વિરહી-વિજોગી મળેલાં જીવોનાં મિલન પણ થશે અને કયાંક પછી વળી કાયમનાં છેટાં પણ પડી જશે. વહુ અને વરસાદને જશ નહીં - એ કહેવત અમથી થોડી પડી હશે?

**તંત્રીસ્થાનેથી...**

# આજની વોટ્સએપ પેઢી ચીલાચાલુ શિક્ષક કે શિક્ષણને લાઈક નથી કરતી

'રોજ નવા નવા બહાનાં કાઢે છે, આજે તો તને.....!'

'ના.... મમ્મી.... પ્લીઝ...!. મારે નથી જવું ... !'

વેકેશન પૂરું થયું છે. શાળાઓ ખુલી ગઈ. રિન્કુ સ્કૂલે જવાની ના પાડે છે ત્યારે મમ્મી તેને બળજબરીથી શાળાએ મોકલે છે. લગભગ દરેક ઘરની આ સ્થિતિ હોય છે.

'જો, રિન્કુ, હવે તારું તોફાન બંધ કર.' મમ્મી તાડુકીને બોલી.

'તુ એકલી સ્કૂલે નથી જતી, સોસાયટીના બધા બાળકો પણ સ્કૂલે જાય છે જ ને.. !'

'પણ મમ્મી.... !' 'ના... હોં..... બિલકુલ નહિ.... ચાલ તૈયાર થઈ જા.... મોડુ થાય છે.' 'એકવાર કિધુ ને હું નહિ જવું.' રિન્કુએ હઠ પકડી. 'પણ કેમ ?' મમ્મી ગુસ્સે ભરાઈ. 'મને ટીચર નથી ગમતી.' રિન્કુએ છેવટે કહી જ દીધું. 'હવે, તને ગમે તેવી ટીચર હું ક્યાંથી લાઉં ?' 'ના ... હોં.... મમ્મી.... આ ટીચર તો આંખો કાઢે છે અને પનીશમેન્ટ કરે છે.બે દિવસ પહેલા જ સોનલને વાળ પકડીને ફટકારેલી.... સોનલ મેથ્સની નોટબુક ઘરે ભૂલી ગયેલી, બસ.' આ સાંભળીને મમ્મી આશ્ચર્ય અનુભવી રહી. 'ગમે તે થાય હું સ્કૂલે નહિ જ જઉં.' રિન્કુએ ખુલાસો કરતાં કહ્યું. શાળાએ જનાર દરેક બાળકની નાની- મોટી કંઈક તો ફરિયાદ હોય જ છે. કેટલાંક બાળકો જાહેર કરે છે, તો કેટલાક સહન કરે છે. આપણા કમનસીબે શાળા ગમતુસ્થળ થવાને બદલે અણગમતી જગ્યા બની ગયું છે. બાગમાં કે મોલમા જવા માટે જેટલો ઉત્સાહ બાળક બતાવે છે તેટલો ઉત્સાહ શાળામાં જવા માટે નથી બતાવતો! શાળાથી ઘર સુધીનો રસ્તો ઝડપથી કપાય છે. જયારે ઘર થી શાળા નો રસ્તો લાંબો અને કંટાળાજનક લાગે છે. બાળકોને ખરેખર મજા પડે એવી શાળા બની છે ખરી ? મજા પડે એવું શિક્ષણ અપાય છે ખરું ? બાળકોને જો સજા કરવી જ હોય તો શાળાએ ન આવવાનું ફરમાન થઈ શકે ?પેઢી દર પેઢી આ જ પ્રશ્ન ! અને આજ ફરિયાદો છતાં.... પરિણામ ? વાસ્તવિકતા તો એ છે કે આજની વોટ્સએપ પેઢી ચીલાચાલુ શિક્ષક કે શિક્ષણને લાઈક નથી કરતી. માર્કશીટમાં ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી, ગુજરાતીના માર્ક્સ મૂકાય છે પરંતુ કયારેય સાચુ બોલવાના, વફાદારીના, બીજાને મદદ કરવાના, પ્રાણી પ્રત્યે દયા દાખવવાના અને પ્રમાણિકતાના માર્ક્સ ગુણપત્રકમાં લખાય છે ? જો જવાબ ના હોય તો તેની નોંધ થવી જોઈએ. જે બાળકમાં આ ગુણો ભરપુર હોય પરંતુ ગણિત-વિજ્ઞાનના માર્કસ ઓછા હોય તો તેવા બાળકની સમાજમાં કોઈ કિંમત ખરી ? તેનુ બહુમાન થવું જોઈએ. કયારેય ગુણો (મૂલ્યો) ને મહત્ત્વ આપવામાં કે તેની નોંધ કરવામાં કે બાળકને કયારેય કહેવા-જતાવવામાં આવે કે "બેટા, તમે પ્રામાણિક છો, તમે મળતાવડા સ્વભાવના છો, તમે સત્યપ્રિય છો.. શાબાશ.. !"

જ્યાં માત્ર વિષયોના માર્કસની જ બોલબાલા હોય , ત્યાં સંસ્કારિતાની અપેક્ષા કેવી રીતે રાખી શકાય?



**અદબ-પલાંઠી મોં પર આંગળી**

ડૉ. સંતોષ દેવકર

વર્તમાન સમયમાં કદાચ ભણતર થાય છે પરંતુ ઘડતરનો સદંતર અભાવ વર્તાય છે. બધુ જ શિક્ષક પર ઢોળી દઈ જવાબદારીમાંથી છટકી જવાનો કિસ્સો જૂનો અને જાણીતો છે. રાષ્ટ્રને કેવો નાગરિક આપવો છે ? કેવા પ્રકારના યુવાનો રાષ્ટ્રનું ઘડતર કરી શકે? મૂલ્યનિષ્ઠ સમાજ માટે કેવા યુવાનોની જરૂર પડશે ? રાષ્ટ્રપ્રેમી-દેશદાઝથી ભરપૂર હોય તેવા યુવાન-યુવતીઓ માટે કેવા પ્રકારનો અભ્યાસક્રમ ઘડાવો જોઈએ ? શાળાએ જવાનું બાળકને ગમે તે માટે શાળામાં કયા કયા ફેરફારો આવશ્યક છે ? શાળા એ દરેક બાળક માટે જાણીતુ અને માનીતુ સ્થળ કયારે બનશે ? આ માટે પ્રતિબધ્ધ શિક્ષકોની મૂલ્ય નિષ્ઠા અને કાયનિષ્ઠા મહત્ત્વના બની રહેશે. ભવિષ્યમાં આવનારા સમયને ધ્યાને લઈ જડમૂળથી બદલાવ લાવવો પડશે.વિધ્યાર્થી જેવું અને જેટલુ ઈચ્છે તેવું શિક્ષણ અને તેટલો અભ્યાસક્રમ , ઈચ્છે ત્યારે પરીક્ષા,ઈચ્છે તે શિક્ષક,ઈચ્છા મુજબની સંસ્થા,ઈચ્છા મુજબનો સમય ગાળોપ.વગેરેની જોગવાઈ અનિવાર્ય બનશે.

મિસરી

"શિક્ષકે મેઘ નહિ, માળી બનવાનુ છે". (વિનોબા ભાવે)

- santoshdevkar03@gmail.com

# બેય જીવસોતી બેય આંખ્યુની માટલીમાં... નાની અમથીક તૈડ પડતી...

સત્તર દા'ડાની મુંને લાંગણ હતી.
તી વળી પારણું કરવાને જરી બેઠી...
હજી કોળીયો ભરું તિયાં સાસુજી બોલિયાં...
"વૌ, ઠાકોરજી પહેલા જમાડો!"
બે જીવસોતી મીં તો ઠાકોર જમાડ્યા...
બોલ્યાં કિચૂડ કિચૂડ પંડ્યનાં કમાડો
હજી કોળિયો ભરું તિયાં સસરાજી બોલિયાઃ
'ડેલી ખખડે છે - ભેંસ આવી.'
બે જીવસોતી હું ઘોડી ડેલી ઊઘાડવા
મુને જીવસોતી ઘોડી ડેલી ઉઘાડવા
મુંને વંટોળિયે ધૂળે નવરાવી!
હજી કોળિયો ભરું ત્યાં પડ્યાં મેડેથી છાણાં...
ને છાસભરી છીચકો ગૈ ફુટી
બે જીવસોતી હું મંડી પોતું કરવાને
મારી નણદુંએ ભરું તિયાં પરણ્યાજી બોલિયા :
'કાંસાની થાળી નથી જડતી ?'
બેય જીવસોતી બેય આંખ્યુની માટલીમાં
નાની અમથીક તૈડ પડતી...

- અનિલ જોશી

કવિ અનિલ જોષીનું આ ગીત ઉત્તમ લોકગીત છે....

હમણાં જયારે જયા-પાર્વતી, એવરત-જીવરત જેવા વ્રત - ઉપવાસના દિવસો જતાં હતા ત્યારથી આ ગીત મનમાં રમતું હતું.

લાંગણ-ઉપવાસ - નકોરડા ઉપવાસ... નાયિકા લાંબા સમયના નકોરડા ઉપવાસ પછી માંડ રોટલો ભાળી શકવાની સ્થિતિ પર પહોંચી છે. પારણાને સમય આવ્યો છે... પરંતુ હજી કોળિયો ભરતી જ હોય છે ને! હુકમ થાય છે સાસુમા નો કે ઠાકોરજી જમાડો... ઘરની સાક્ષાત્ લક્ષ્મી માંડ પારણા કરવા બેઠી છે તે સમયે સ્થૂળ મૂર્તિની આળપંપાળ માટે વળી ટોકવામાં આવે છે.

અને ગીતમાં શબ્દો ઉદ્‌ઘાટીત થાય છે કે 'બે જીવસોતી' - નાયિકા સગર્ભા છે... આવા સમયમાં નકોરડા ઉપવાસ પછી શાં હાલ થાય છે? તે માત્ર કલ્પવું જ રહ્યું...

મનુ સ્મૃતિના એક શ્લોક મુજબ 'ગૃહમ્ ગૃહમ્ નાસ્તિ, યદી તત્ર ગૃહિણી નાસ્તિ' ઘર એ ઘર ત્યાં સુધી નથી જયાં સુધી ત્યાં તો ઘરમાં ગૃહિણી નથી... ગીતના પછીના શબ્દો અને તેની હૃદયવિદારક ચીતાર આપનારી પંક્તિઓ સુજ્ઞ વાચકો વાંચે એટલે તેમની પણ આંખોની ઢોચકીમાં તડ જરૂર નથી આ ગીતનું પરિપ્રેક્ષ્ય ભલે ગામડાનું એક વર્ષો જૂનું ઘર હોય અને આજના સંજોગો પ્રમાણે બાહ્ય કલેવર ભલે બદલાઈ ગયા હોય... પરંતુ ગીતનો અંતર આત્મા મૂળે ભાવ જે કહેવા માગે છે, તે હજી બદલાયો નથી...

લલિતા પવાર જેવી સાસુ, કે શશિકલા જેવી નણંદોના જમાના હવે 'નથી' રહ્યાં... પરંતુ મંથરા કે કૈકેયીના પાત્રો તો સિમ્બોલિક જ હોય છે.

જમાનો સો જોજનો દૂર વિકાસની કેડી ભલે કંડારી ગયો હોય પરંતુ હજી મનના જાળા સાફ નથી... અને આશ્ચર્યજનક રીતે સિક્ષિત પરિવારોમાં હોળી વધુ સળગતી હોવાના દાખલા નજરે ચડે છે...

સાસુ કદિ માતા બની શકે નહીં... અને વહુ કદી દીકરી બની શકે નહીં... આ વાત તો જાણે હવે પથ્થરની લકીર સમજી લેવાઈ છે...

જો કે અપવાદરુપ ઘણા પરિવાર જોવા મળે છે, જયાં સાસુ-વહુ મા-દીકરીની જેમ કે સખીને જેમ રહેતી હોય છે...



**વિચારયાત્રા**

ડો. જય ઓઝા

બાજરાના રોટલાથી માંડીને પીઝાના રોટલા સુધી આપણે હરળફાળ ભરી લીધી છે, તેમ સાવરણીથી વેક્યુમ કિલનર આવી ગયા... માટલા ભરવાના કૂવાના સમયથી આર.ઓ. પ્લાન્ટ લાગી ગયા છે, પણ તોત્તેર મણનો પણ આપણા મનને હજી સુધી આપણા વિચારોને હજી આપણે એટલા બધા આગળ લઈ જઈ શક્યા છીએ ખરા?

સાવ નાની અને ક્ષુલ્લક વાતોનું ધ્યાન રાખવાથી ગૃહિણી ખુશ થઈ જતી હોય છે... પરંતુ આપણે ત્યાં પરંપરાઓ ચાલે છે... સારુ-વહુની જે શીત ગૃહયુદ્ધની મિસાઈલ ફેંકાતી હોય છે, તે સમય જતા રોલ પ્લે બદલાય છે. વહુ જયારે સાસુના હોદ્દા પર પહોંચે ત્યારે, પોતાના વહુપણાનો ભાર લઈને બેઠી હોય છે અને ભૂતકાળના ભાથાના તીરને જે સાચવી રાખ્યા હોય છે, તેને ધાર દેતી હોય છે...

આ બધું માનવસહજ રીતે ચાલ્યુ આવે છે, અને ગીતની નાયિકાની જેમ સામાન્ય કોઈ પણ ઘરની નાયિકા આ બધા ઝંઝાવાતને ખમી જાય છે. પણ જયારે પોતાનો ધણી, સહજીવન યાપન કરનાર સપ્તપદી સાથે ચાલનાર જીવનસાથી પણ જયારે તેની મૂંઝવણને જાણી શકતો નથી ત્યારે ગૃહિણીનો ધૈર્યનો બાંધ તૂટી પડે છે... તેઓ માહ્યલો આક્રંદ કરી ઉઠે છે....

'પરબ'માં હિમાંશી શેલતના વિચારો કાંઈક આ જ સ્થિતિને બયાન કરે છે - 'આદર્શોના ઓડકાર ખાતા આપણે સમાજે કોઈ એક, કાળે પ્રત્યેક સ્ત્રી માટે એક આદર્શ કોખું તૈયાર કરી આપ્યું હતું. પછી સ્ત્રીનું કામ સરળ હતું. જાતને આમથી તેમ વ્હેરી કરી, ખાંચા-ખૂંચા સાફ કરી ખોખામાં બંધબેસતા થઈ જવાનું....'

ઉપરનું વિધાન એકદમ બંધબેસતું છે. આજની વ્યવસ્થાને... ત્યાગમૂર્તિ, નારાયણી, ગૃહલક્ષ્મી જેવા વિશેષણોથી નવાજીને સ્ત્રીને ખૂબ ઉચ્ચ સ્થાન તો આપણે આપી દીધું, પરંતુ છતાં હજી તેને જોઈતા ક્ષુલ્લક અને નજીવા સમ્માન, નિર્ણયમાં સમાનતા, કે અભિપ્રાયનું સ્વાતંત્ર્ય આપણે ખરા અર્થમાં રાખી શક્યા છીએ ખરાં!

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# માત્ર વિચાર નહિ, એના ઉપર આચાર અમલ કરવા માટે ક્યારેય કોઈ ઉંમર મોટી નથી હોતી

'આ ખરેખર કોઈ ચમત્કાર હોય એવું મને લાગી રહ્યું છે...'

આ શબ્દો છે રોજર ફેડરરના. સ્વિત્ઝર્લેન્ડના લેજન્ડરી સુપરસ્ટાર ટેનિસ પ્લેયર રોજર ફેડરરે તેની કારકિર્દીનું રેકોર્ડરુપ આઠમું વિમ્બલ્ડન ટાઈટલ જીતવાની સાથે સૌથી મોટી ઊંમરે આ પ્રતિષ્ઠિત ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન બનવાની બેવ સિદ્ધિ હાંસલ કરીને એક ઐતિહાસિક ઊંચાઈ વ્યક્તિગત રીતે મેળવી છે.

તેની આ સિદ્ધિ અપ્રતિમ છે કારણ કે રમતગમત ક્ષેત્રે, અને એમાં પણ ટેનિસ જેવી રમતમાં ઊંમરના ૩૫માં વર્ષે ફેડરરે આ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. આગળ જતા ફેડરરે જે કહ્યું છે કે, **'I Still love to play'**

૮ ઓગસ્ટ ૧૯૮૧ના દિવસે બાર્સેલ (સ્વિત્ઝર્લેન્ડ)માં જન્મેલા રોજર ફેડરરના માતા લીનેટ અને પિતા રોબર્ટ છે. તેની પાસે સ્વીસ અને સાઉથ આફ્રિકન એમ બંને સિટીઝનશીપ છે. સમય અનુકુળતો બેડમીન્ટન અને બાસ્કેટબોલ પણ રમી લે છે.

૧૯૯૮માં તે જુનિયર પ્લેયર તરીકે વિમ્બલ્ડનના મેદાન પર આવ્યો હતો અને જીત્યો પણ હતો. ફેડરરે ૪ વાર આઈ.ટી.એફ જુનિયર સિંગલ્સ જીત્યા છે. તે ૧૯૯૮માં જુનિયર વિભાગમાં વર્લ્ડ રેકીંગમાં પ્રવેશ્યો.એ પછી તે સતત રમતો રહ્યો અને એક પછી એક મેચ જીતતો રહ્યો.

૨૦૦૨ના વર્ષથી તો વિશ્વના ટેનિસ ખેલાડીઓમાં સાતત્યપૂર્ણ રીતે ૧ થી ૧૦માં સ્થાન મેળવતો આવ્યો છે. વિશ્વમાં ટોચની ગણાતી તમામ ટુર્નામેન્ટ તે જીતતો આવ્યો છે.

તેની પત્ની મીરકા ફેડરર જે એને પહેલીવાર સીડની ઓલિમ્પિકમાં ૨૦૦૦માં મળી હતી તે પણ પ્રોફેશનલ ટેનિસ પ્લેયર રહી ચુકી છે. ફેડરર આ ટુર્નામેન્ટમાં માત્ર ૧૮ વર્ષની વયે ભાગ લીધો હતો અને સેમીફાઈનલ સુધી પહોંચ્યો હતો.

ફેડરરે અત્યાર સુધીમાં વિમ્બલ્ડન, ઓસ્ટ્રેલિયન ઓપન, યુ.એસ ઓપન, ફ્રેન્ચ ઓપન, સહિતના ૧૯ ગ્રાન્ડ સ્લેમ જીત્યા છે જેમાં આઠ વિમબ્લ્ડન ટાઈટલનો પણ સમાવેશ થાય છે.

પ્રથમવાર માત્ર ૨૧ વર્ષ, ૧૦ મહિના અને ૨૮ દિવસની ઉંમરે ફેડરરે વિમ્બલ્ડન ટાઈટલ જીતીને વિશ્વ સમક્ષ ૨૦૦૩માં એક સુખદ આશ્ચર્ય સર્જ્યુ હતું. એ પછી ૨૦૦૪, ૨૦૦૫, ૨૦૦૬, ૨૦૦૯, ૨૦૦૯, ૨૦૧૨ અને હવે ૨૦૧૭માં ફેડરરે આઠમી વાર વિબ્લ્ડન જીતીને એક નોખો ઈતિહાસ સર્જ્યો છે. તેના માટે સૌથી વધુ મુશ્કેલ મેચ વિમ્બલ્ડનમાં ૨૦૦૯ની અમેરિકાના રોડ્ડીક સામેની હતી જે પાંચ સેટના ૪ કલાક ૧૭ મિનિટ એના હાથમાં આવી હતી.

મહત્ત્વપૂર્ણ વાત એ છે કે સ્વિત્ઝર્લેન્ડના આ લેજન્ડરી સ્ટારે છેલ્લી વાર ૨૦૧૨માં બ્રિટનના એન્ડી મરેને હરાવીને વિમ્બલ્ડન ટાઈટલ જીત્યું હતું. મતલબ કે પાંચ વર્ષનો ગાળો પસાર થઈ ગયો હતો. તેણે કહ્યા મુજબ ૨૦૧૫માં યોકોવિચ સામે ફાઈનલ હાર્યા બાદ ફરી અહીં ફાઈનલ રમવું એ તો એના માટે સપનું જ હતું. ફેડરરે તેની પત્ની મિરકા તેમજ તેના જોડીયા પુત્રો અને પુત્રીની હાજરીમાં આ મેચ જીતીને આ સપનું પુરું કર્યું ત્યારે વિશ્વભરના તેના ચાહકો અને ટેનિસ પ્રેમીઓએ તેની સિદ્ધિને વધાવી લીધી હતી.



**અજવાળું - અજવાળું**

તુષાર જોશી

સૌથી મહત્ત્વની વાત એ હતી કે વિમ્બાલ્ડન જેવી ટુર્નામેન્ટમાં એક પણ સેટ ગુમાવ્યા વિના ફેડરરે આ વર્ષે આ સિદ્ધિ મેળવી હતી. જ કહ્યા મુજબ 'મને મારામાં ભરોસો હતો અને હું જીતવા માટે પ્રયાસ કરતો હતો જેના કારણે આ શકય બન્યું છે '

અહીં ફેડરરે કહેલું આ વાક્ય જ વ્યક્તિગત રીતે સહુ કોઈના માટે સત્ય છે.

ઈશ્વરે પ્રત્યેક માણસને નવી નક્કોર રૂપિયાની નોટ કે સિક્કા જેવો ૨૪ કલાકનો દિવસ આપ્યો છે અને ૨૪ કલાક આળસમાં પસાર કરવા, માત્ર પ્લાનિંગ કર્યા કરવું, વેઠ કરવી, ઠાગાઠૈયા કરવા કે પછી દુનિયાભરના લોકો અને પરિસ્થિતિઓ સામે ફરિયાદ કર્યા કરવી અને પોતે શ્રેષ્ઠ છે એમ પુરવાર કરવું એ એક વાત છે. સામા પક્ષે આ ૨૪ કલાકનો પૂર્ણ ઉપયોગ યોગ્ય આયોજન કરીને, લક્ષ્ય નિયત કરીને એ દિશામાં જ સમય વ્યતિત કરનારા લોકો છે.

કોઈ પણ ક્ષેત્રે સતત આગળ વધતા રહેલા લોકોના જીવનનો અભ્યાસ કરીશું ત્યારે ખ્યાલ આવે છે કે તેઓ કયારેય થાકતા નથી. તેઓ કયારેય મનથી હારતા નથી. પરિણામે એક નહિ તો બીજો ને એ નહિ તો ત્રીજો દરવાજો સફળતાનો ખુલે છે. જે માણસોને પોતાની જાતમાં ભરોસો હોય, પુરુષાર્થનું બળ હોય ને પ્રાર્થનાનો સહારો હોય એ માણસો મોટાભાગે સફળ થાય છે ને સિદ્ધિઓના શિખરો સર કરે છે.

માત્ર વિચાર નહિ, એના ઉપર આચાર એટલે કે અમલ કરવા માટે કયારેય કોઈ ઉંમર મોટી નથી હોતી... બસ માણસે એક લક્ષ્ય નક્કી કરવાનું છે અને તેને પૂર્ણ કરવા પોતાની અને આસપાસની સર્વશક્તિઓને કામે લગાડવાની છે. આવું થાય છે ત્યારે આવા લોકોની આસપાસ સફળતાના સિદ્ધિઓના દીવડા ઝળહળે છે અને એના અજવાળા બીજાઓ માટે પણ પ્રેરણાદાયી બની રહે છે.

● ● ●

**Start where you are,**
**Use what you have,**
**Do what yoy can**

**- Arthur Ashe**